# પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ સોગાની (સંક્ષિપ્ત જીવન પરિચય)

વિક્રમ સંવત ૧૯૬૯ (સન્ ૧૯૧૨), વૈશાખ સુદ ૧૧ના દિને વિધિની કોઈ ધન્ય પળે ભારતદેશના રાજસ્થાન રાજ્યના અજમેરમાં બાળક 'નિહાલ' નો જન્મ થયો. શ્રી સોગાનીજી જન્મથી જ અસાધારણ પ્રતિભાના ધણી, વિચક્ષણ અને મેધાવી હતાં. તેના ફળસ્વરૂપે તેઓશ્રીએ અતિ અલ્પ પ્રયાસથી જ યથાયોગ્ય લૌકિક શિક્ષા પ્રાપ્ત કરી લીધી. તેઓશ્રી જિજ્ઞાસુવૃત્તિના ધારક, નિર્ભીક, કાર્યનિષ્ઠ તેમ જ પરિશ્રમશીલ હતા.

પરિવારના જીવનનિર્વાહ હેતુએ તેમણે અજમેરમાં એક દુકાન પર નોકરી કરવાનું સ્વીકારી લીધું. તેમની પ્રમાણિક્તા, કાર્ય-કુશળતા, કર્તવ્યનિષ્ઠતા વગેરે સદ્‌ગુણોથી પ્રભાવિત થઈ દુકાનના માલિકે પરિસ્થિતિવશાત્ આગળ જતાં પોતાની દુકાનની માલિકી જ શ્રી સોગાનીજીને સોંપી દીધી.

કોઈ પૂર્વ સંસ્કારવશ બાલ્યાવસ્થાથી જ સ્ફુરિત વૈચારિક દ્વંદ્વ દિવસે-દિવસે વૃદ્ધિગત થતું ગયું. તેથી તેમને ન તો દુકાન ઉપર કે ઘરે ચેન લેવા દેતું હતું. જીવ-જગત, જીવન-મૃત્યુ, સત્ય-અસત્યની જટિલ સમસ્યાઓ સાથે ઝઝુમતું તેમનું મન વારંવાર પ્રશ્નાતુર થઈ જતું કે શું સત્ય છે ? હું કોણ છું ? ક્યાં છે અખંડ શાંતિ ? ક્યાં છે આ બધાં જ્વલંત પ્રશ્નોનું સમાધાન ?

સન્ ૧૯૪૬ માં કોઈ મંગળ ઘડીએ શ્રી સોગાનીજીને એક સાધર્મીએ આધ્યાત્મિક સંત શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો પ્રકાશિત કરતું માસિક 'આત્મધર્મ' વાંચવા માટે આપ્યું. પ્રવચનપ્રસાદી સ્વરૂપ સારગર્ભિત વાક્ય **'ષટ્ આવશ્યક નથી, પરંતુ એક જ આવશ્યક છે'** એ તેમના અંતરંગને હચમચાવી દીધું, અને એક સ્વરલહરી ઉઠી, **'અરે ! મિલ ગયા ! જિસ સત્યકી ખોજથી ઉસકા વિધિપ્રકાશક મિલ ગયા !'** તત્ક્ષણે જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા તેમના મંગલકારી વચનો પ્રત્યે શ્રદ્ધા તેમ જ અંતરંગ પ્રીતિ સ્ફૂરિત થઈ, અહોભાવ છલકી ઉઠ્યો, અને મન ભક્તિવિભોર થઈ ગયું.

હવે માર્ગપ્રકાશકના ચરણસાન્નિધ્ય અને દર્શન માટે તેમનું મન તડપી ઊઠ્યું. તે સંતની પવિત્ર ચરણરજને પોતાના મસ્તકે ધારણ કરવાની તેમની લાલસા પ્રતિક્ષણ તીવ્રથી તીવ્રતમ થતી ગઈ અને શ્રી સોગાનીજી સન્ ૧૯૪૬માં પ્રથમવાર પોતાના આરાધ્ય શ્રીગુરુના પાવન ચરણોમાં પૂર્ણતઃ નતમસ્તક થવા સ્વર્ણનગરી (સોનગઢ) આવી ચડ્યાં. શ્રીગુરુના શ્રીમુખેથી નિર્ઝરિત બોધામૃત **'જ્ઞાન અને રાગ જુદાં છે'** ના ભાવને તેમણે ચિત્તમાં અવધારણ કર્યો, જે અલૌકિક ચૈતન્યચિંતામણીરૂપે પ્રગટ થયો.

જ્યારે જગતવાસીઓ અર્ધરાત્રિએ સ્વપ્નમાં ખોવાયેલા હતા ત્યારે તેઓ સોનગઢની 'સમિતિ' ના એક ઓરડામાં બેઠાં-બેઠાં ચૈતન્યરસના પ્રવાહમાં મગ્ન થવા લાગ્યા. તેઓશ્રીનો સ્વરૂપોન્મુખી સહજ પુરુષાર્થ પૂરજોશમાં ગતિશીલ હતો. એ વખતે વૃદ્ધિશીલ પુરુષાર્થ-પ્રવાહ અપૂર્વ વેગથી વર્ધમાન થઈ અંતર્મુખ થઈ ગયો અને શ્રી સોગાનીજીના આત્માએ, પોતાના પરમાત્માના પ્રત્યક્ષ દર્શન કર્યા.

શ્રી સોગાનીજીનો વસવાટ વેપારને કારણે કલકત્તામાં થતાં લાગતું હતું કે જાણે આ અથાહ માનવ સમુદાયમાં 'હું એકલો જ સુખી છું.' તેઓ કહેતાં કે 'અરે ! મારા તરફથી કોઈ આશા ન રાખો, પંગુ સમજીને બે વખતનું ભોજન શરીર ટકી રહે તે માટે આપી દ્યો.'

શ્રી સોગાનીજીને એકાંતવાસ અતિ રુચિકર હતો. તેઓશ્રી શક્ય હોય ત્યાં સુધી કોઈને હળવા-મળવાનું કે પરિચયમાં આવવાનું પસંદ કરતાં નહોતા. છતાં પણ, તત્ત્વપ્રેમી જિજ્ઞાસુઓ પ્રત્યે શ્રી સોગાનીજી એટલા બધાં કરુણાવંત હતાં કે વ્યવસાયિક અને અંગત પ્રવૃત્તિઓની વચ્ચે પણ તેમની જિજ્ઞાસાઓનું સમાધાન કરી દેતાં. ક્યારેક-ક્યારેક તો તેઓશ્રી રસ્તાની એક બાજુ ઊભા-ઊભા જ ઘણી વાર સુધી ધર્મચર્ચા કરતાં રહેતાં.

જો કે શ્રી સોગાનીજીએ નિરપવાદરૂપે સ્વતત્ત્વની સર્વોચ્ચતા અને એકમાત્ર તેના જ અવલંબનને મુક્તિમાર્ગના રૂપમાં સર્વત્ર ગાયો છે, તેમ છતાં જે શ્રીગુરુના નિમિત્તે તેઓશ્રીએ મિથ્યાત્વને પરાસ્ત કરી મોક્ષમાર્ગના પ્રથમ સોપાન એવા સમ્યગ્દર્શનને પ્રાપ્ત કર્યું તે ગુરુદેવશ્રી પ્રત્યે અનહદ ઉપકારવશ પોતાના સાધક હૃદયમાં અસાધારણ ભક્તિ, મહિમા, વિરહ-વેદના સ્પંદિત થતી રહેતી હતી.

શ્રી સોગાનીજીની શૈલી દ્રવ્યદ્રષ્ટિપ્રધાન રહી છે, જે અનાદિકાળથી પર્યાયમૂઢતાવશ અત્યંત જટિલ અને વિકટ એવી પર્યાયબુદ્ધિરૂપી નાગપાશના મજબૂત બંધનમાં જકડાયેલા જીવને છોડાવવા માટે પરમ ઉપકારભૂત છે.

સન્ ૧૯૬૪માં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની મંગલકારી ૭૫મી જન્મજયંતીના પ્રસંગે મુંબઈમાં પોતાના મુક્તિદાતાના અંતિમ દર્શન કર્યા અને ભાવભીનાં વંદન કરીને ભાવાંજલિ સમર્પિત કરી. પાછા વળતાં પોતાના ધર્મપત્નિને અજમેર છોડી કલકત્તા આવી ગયા. બીજે દિવસે, ૭ જૂન, ૧૯૬૪ના દિને 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથનું અધ્યયન કર્યું અને એવો યોગ બન્યો કે અચાનક હૃદયે ગતિ અટકાવી દીધી. આત્માર્થી શરીરના આ વ્યર્થ બોજાથી મુક્ત થઈ પૂર્ણતાએ પહોંચવા પ્રસ્થાન કર્યું. પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી પાસે જ્યારે શ્રી સોગાનીજીના આકસ્મિક નિધનના ખબર પહોંચ્યા ત્યારે તેમણે વૈરાગ્યપૂર્ણ સહજભાવથી પોતાના ઉદ્‌ગાર પ્રગટ કરતાં કહ્યું, 'અરે ! આત્માર્થીએ મનુષ્યજન્મ સફળ કરી દીધો. તેઓ સ્વર્ગમાં ગયા છે અને નિકટભવી છે.'

આત્માર્થીઓની જિજ્ઞાસા સંતોષવા શ્રી સોગાનીજીએ લખેલા તત્ત્વરસભરપૂર પત્રો અને અનેક મુમુક્ષુઓ સાથેની તત્ત્વચર્ચા, **'દ્રવ્યદ્રષ્ટિપ્રકાશ'** શીર્ષક હેઠળ ગ્રંથારૂઢ કરવામાં આવ્યા.

**ધન્ય ધન્ય છે તે ગુર !! ધન્ય છે તે શિષ્ય !!**

મુંબઈ.

સોમવાર, તારીખ : ૧૬ એપ્રિલ, ૨૦૧૨.
તિથિ : ચૈત્ર વદ ૧૧, વિક્રમ સંવત્ ૨૦૬૮.

- શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટના
ભક્તિભાવના ભર્યા ભક્તો